જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૫/૨૦૨૩ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
### આરોપીને કોર્ટમાં હાજર થવાનું ફરમાનઃ- સમાચાર યાદી નં.૭૨૦/૨૦૨૩

**બાપુનગર પોલીસ સ્ટેશનઃ-**

સીટી સેસન્સ કોર્ટના સેશન્સ કેસ નંબર ૯૦/૨૦૧૨ બાપુનગર ફ.ગુ.ર.નં. ૧૨૧/૨૦૧૧ ઇપીકો કલમ ૩૦૭ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે **આરોપી મોહંમદ ચાંદબાબુ વારીઅલી ખાન (રહે.અલફતેહનગર, બોમ્બે હોટલ સામે, મહેતાબનગરની બાજુમાં, દાણીલીમડા, અમદાવાદ)** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી વી.એ.રાણા સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નંબર-૧૨ સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર અમદાવાદ શહેર સમક્ષ **તા.૧૫/૦૫/૨૦૨૩** ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૨૩/૨૦૨૩**

**ઓઢવઃ** કાર્તીકભાઇ જેઠાભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.પ્રણામી બંગલોઝ, વસ્ત્રાલ) એ તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ, ભિક્ષુકગૃહ પાછળ, ઉમા એસ્ટેટ શેડ નંબર-૧૪ ખાતે આવેલ "જે.કે.બેલ્ટ એન્ડ કન્વેયર" નામની ફેક્ટરી ખાતે આરોપી રામપરવેશ રામપ્રીત (રહે.દિશા એન્ટરપ્રાઇઝ, નવદુર્ગા પાર્ટ-૩, લીલાનગર રોડ, ખોડીયારનગર) એ કાર્તીકભાઇને વિશ્વાસમા લઇ, તેમની કંપનીમાંથી કન્વેયર બેલ્ટ (૧) 600mm X3PLYXSTDX150MTR (૨)600MMX3PLX8MMXM24 (૩)800MMX4PLYX10MMX 218+54.5 નો માલ ખરીદ કરી તે પેટે ચુકવવાના બાકી કુલ રૂપિયા ૭,૫૫,૨૭૧/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૨૪/૨૦૨૩**

**માધવપુરાઃ** સૈની સ/ઓ વિરેન્દ્રકુમાર જૈન (ઉ.વ.૪૦)(રહે.ગૌતમ સ્વામી ફ્લેટ નવરોજી હોલની બાજુમાં ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૪/૨૦૨૩ રાતના ૯/૧૫ થી તા.૦૨/૫/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન દરીયાપુર દરવાજા બહાર લાલપુરી માતાની વાડી ખાતે "અંકિત ટ્રેડર્સ" નામની પોતાની દુકાનની છતના પતરા ખોલી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, દુકાનમાંથી રોકડ રૂપિયા ૬,૧૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આઇ.એન.ઘાસુરા ચલાવે છે.

**બાપુનગરઃ** શંભુભાઇ મગનભાઇ કથીરીયા (ઉ.વ.૫૨)(રહે.ગુ.હા.બોર્ડ, સોમનાથ મહાદેવ મંદિરની લાઇનમા, બાપુનગર ચાર રસ્તા પાસે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૦૨/૦૫/૨૦૨૩ ના કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૨૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**વટવા જીઆઇડીસી.**:- અક્ષયભાઇ રાજેન્દ્રભાઇ સનેર (ઉ.વ.૨૪)(રહે.પુષ્પા હાઇટસ ફ્લેટ એસ.પી.રીંગ રોડ અદાણી સર્કલ પાસે) એ તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેઝ-૪ પ્લોટ નંબર-૨ હરીદર્શન એસ્ટેટ પાસે આવેલ અક્ષયભાઇની "વેરીટો એન્જીનીયરીંગ કંપની" ની રીસેપ્સન ઓફીસના શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, કબાટમાંથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૮ કુલ કિંમત રૂપિયા ૪૬,૦૦૦/- તથા અક્ષયભાઇની કંપનીની બાજુમા આવેલ "શ્રીગણેશ એન્જીનીયરીંગ કંપનીમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૨૫/૨૦૨૩**

**બોડકદેવઃ** પ્રીયંકા અજયભાઈ જાતેઃ રામ (ઉ.વ.૩૬)(રહે.પટેલ વાસ મોટી ખડકી થલતેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** મુસ્કાન ડો/ઓ રામલખન કુસ્વાહા (ઉ.વ.૨૧)(રહે.વિભાગ-૭ પાર્શ્વનાથ ટાઉનશીપ અંબાજી માતાના મંદિર પાછળ, નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૩ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીલીંગના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એસ.મિસ્ત્રી ચલાવે છે.

**નરોડાઃ** માધુરી વા/ઓ હર્ષલભાઇ જાની (ઉ.વ.૩૧)(રહે.શ્યાન સત્વ રેસીડેન્સી શ્યામશિખર સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** ઈશ્વરભાઈ ચિમનભાઈ પટણી(ઉ.વ.૪૮)(રહે.સત્યમ ફલેટ, આનંદ ફલેટ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતે પોતાની જાતે રહેણાંક મકાનના ત્રીજા માળેથી નીચે પડતુ મુકતા, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી